
મજ્જેની LIFE

CITY pulse

email: citypulse@gujaratmitra.in

ગુજરાતમિત્ર

શુક્રવાર ૨૪ જુલાઈ, ૨૦૨૬




## વ્હીલ્સ ઓફ ચેન્જ

# સુરતી મહિલા બાઈકર્સે બાઈકિંગમાં બનાવી નવી ઓળખ

આપણને જ્યાં સુધી યાદ છે આપણે લૂના, સ્કૂટર, ગિયર વાળા બાઇક જોયા અને ચલાવ્યા પણ હશે. બાઇક એક સગવડ હોવાની સાથે એક સ્ટેટસ સિમ્બોલ પણ ગણાતું. વખત જતાં એમાં પણ અલગ અલગ બ્રાન્ડેડ અને ખૂબ મોંઘા બાઇક બજારમાં વેચાતા થયા, જેમાં આપણે થોડો મૂવી ઇન્ફ્લૂઅન્સ પણ જોયો. મોટા ભાગે પુરુષો દ્વારા ચલાવાતા બાઇક્સ આજે સુરતના રસ્તાઓ પર સુરતી યુવતીઓ ચલાવતી દેખાવા લાગી છે. સોશિયલ મીડિયાની એક રીલમાં જોવા મળે છે કે સ્ટાઇલ અને આત્મવિશ્વાસથી બુલેટ ચલાવતી નારીને જોઈને ઘણા પુરુષોના ચહેરા પર એક મંદ સ્મિત ઉભરી આવે છે, તો બીજી સ્ત્રીઓને તેમનામાંથી બાઇક ચલાવવા કે બીજા સાહસભર્યા કાર્યો કરવા માટે ઇન્સ્પિરેશન મળે છે. 30-35 વર્ષથી સુરતના રસ્તાઓ પર વટથી બાઇક ચલાવતી સુરતી ફીમેલ્સની સંખ્યામાં નોંધપાત્ર વધારો થઈ રહ્યો છે. ચાલો આપણે સુરતની આવી ફિમેલ્સને મળીએ અને એમની બાઇકીંગ જર્ની વિશે જાણીએ....

### 20 વર્ષથી બાઇક ચલાવે છે, બાઇક લઈને જનાર કોલેજમાં એકલા ફિમેલ

નિમિષા પારેખ મહેંદી આર્ટિસ્ટ છે. તેમણે જણાવ્યું કે, મેં લ્યુના પણ ચલાવી છે. અમારા ઘરમાં એક માત્ર બાઇક હતું જે પપ્પા, ભાઈ અને મારી સિસ્ટર ચલાવતી. સિસ્ટર હીનાબેને મને ક્લચ, ગીયર, એક્સેલરેટર, બ્રેકની સમજ આપી. 97થી લઈને 2000ની સાલ સુધી કોલેજમાં બાઇક લઈ જનારી હું એક માત્ર ફિમેલ હતી. પહેલાં બાઇક સેલ્ફ સ્ટાર્ટ નહીં હતી પણ કીક મારીને ચાલુ કરવી પડતી એ વખતે બાઇક ચાલુ કરવા કોઈની મદદ પણ લેવી પડતી. મને યાદ છે કીક મારીને બાઇક ચાલુ કરવા જતી અને કીક છૂટી જાય ત્યારે પગ પર ખરાબ રીતે વાગતું. બાઇક હેવી હોય તેને ફિમેલ માટે હેન્ડલ કરવું ડીફિકલ્ટ હોય એવું લોકોને લાગે એટલે કોઈ ફિમેલ બાઇક ચલાવે ત્યારે લોકોને ક્યુરોસિટી થતી હોય. હું બાઇક ચલાવું ત્યારે લોકો મને કોમ્પ્લીમેન્ટ આપતા હોય. બાઇક પર અમદાવાદ, નવસારી, વાપી, વલસાડ અને અંતરિયાળ ગામોમાં પણ જાઉ છું. 95, 96, 97, 98 આ વર્ષોમાં હું મમ્મીને બાઇક પર પાછળ બેસાડીને શાક માર્કેટ જતી. હું બાઇક રાઈડ કરતી જોઈ ઘણા લોકો પાછળ વળી વળીને જુએ અને થમ્સ અપ કરીને મને કોમ્પ્લીમેન્ટ

### સેલિબ્રિટીની જેમ લોકો ફોટા પાડે, પ્રાઉડ ફિલ કરે

માનસી ઠાકર 2013થી બાઇક ચલાવે છે. તેઓ સાયકલ પછી મોપેડ છોડી ડાયરેક્ટ બાઇક જ ચાલવતા શીખ્યા. તેમણે જણાવ્યું કે આમ તો હું 2000ની સાલથી બાઇક ચલાવતા શીખી હતી પણ ત્યારે પ્રેક્ટિસ એટલી નહીં હતી. મારા ડેડીએ મારા મમ્મીના કહેવા પર યામાહા બાઇક ચલાવતા શીખવાડ્યું. જ્યારે રોડ પર બાઇક રાઈડ કરતી હોઉ ત્યારે લોકો સેલિબ્રિટીની જેમ મારા ફોટા પાડે અને તેમને એક સુરતી ગર્લ બાઇક ચલાવે છે તેના માટે પ્રાઉડ ફિલ થાય. મારા 9 વર્ષના દિકરાને બેસાડીને હું બાઇક રાઈડ કરતી હોઉ ત્યારે દિકરાને પણ પ્રાઉડ ફિલ થાય કે તેની મમ્મી બાઇક ચલાવે છે. સ્ટ્રેટ રોડ પર બાઇક ચલાવવાની હેબીટ છે પણ ફર્સ્ટ ટાઈમ સાપુતારા બાઇક લઈને ગઈ હતી ત્યારે હિલ પર ચઢવું હાર્ડ લાગેલું કેમકે, ત્યારે મોનસૂન સિઝન હતી અને હિલ પર બાઇક ચલાવવાનો પહેલો જ અનુભવ હતો. મુંબઈમાં ફિમેલ બાઈકર્સની રેલી માટે હું સુરતથી મુંબઈ બાઇક ચલાવીને હાઈવે પરથી ગઈ. હું પેટ્રોલ પમ્પ પર પેટ્રોલ પુરાવા જાઉ ત્યારે પેટ્રોલ પુરનારાઓની સામાન્ય વાહન ચાલકો પર નજર ના પડતી હોય પણ હું ફિમેલ બાઇક લઈને જતી હોઉ એટલે તેમનો જોવાનો નજરીયો અલગ હોય.









### બુલેટ થોડી હેવી હોય એટલે શરૂઆતમાં બેલેન્સ કરવું ટફ હતું

23 વર્ષના આર્ચી મહેતા સ્ટુડન્ટ પણ છે અને જિમ ટ્રેનર પણ. તેમણે જણાવ્યું કે, મારા જિમના સર મુકુલ પાંડેએ મને બાઇક શીખવાડી. શરૂઆતમાં ગિયરને સમજવામાં થોડું હાર્ડ લાગ્યું. મારા ફાધરે મને બાઇક શીખી એના પર લદાખની ટ્રીપ કરવા પ્રોત્સાહિત કરી અને મને લદાખમાં બાઇક રાઈડિંગ કર્યાનો ગર્વ છે. જ્યારે હું રોડ પર બાઇક ચલાવતી હોઉ ત્યારે બીજા વાહન ચાલકો મને વળી વળીને જોતા હોય. કેટલાંક તો પાછળથી ખુલ્લા વાળ દેખાતા હોય એટલે છોકરી બાઇક ચલાવે છે કે શું તે જોવા આગળ આવી જતા હોય ત્યારે હું કાંઈક અલગ કરી રહી છું તેવું મને ફિલ થતું હોય. કોઈ ભાઈ તેમની દિકરીને બાઇક પર લઈ જતાં હોય અને મારી પર નજર પડે તો દિકરીને કહે જો તું પણ આવું શીખ. મારી હાઈટ તો 5.4 ફિટ છે અને બુલેટ થોડી મોટી પડે એટલે મારા પગ નીચે સુધી પહોંચવા અઘરા લાગતા. શરૂઆતમાં તો બાઇકને બેલેન્સ કરવું પણ ટફ લાગ્યું હતું. કોઈ મને પૂછે કે બાઇક કેમ શીખ્યા તો હું કહું છું કે બસ મન થયું એટલે. હું જિમમાં પણ બાઇક પર જતી હોવ ત્યારે 50 વર્ષની ઉપરની ફિમેલ્સ મને કહેતી હોય તમને જોઈને અમને પ્રાઉડ ફિલ થાય છે કે ફિમેલ્સ પણ હવે બાઇક ચલાવે છે.

### 12માં ધોરણની બોર્ડ પરિક્ષા આપવા બાઇક પર જતી

કૃપાલી કટારિયા 22 વર્ષની છે. તેણે 17 વર્ષની ઉમરથી બાઇક ચલાવવાનું શીખ્યું હતું. તેણે જણાવ્યુ કે મેં કોઈ ફિમેલને રોડ પર બાઇક ચલાવતા જોઈ હતી અને અચાનક મને પણ બાઇક શીખવાનું મન થઇ ગયું. મેં મારા ડેડીને કહ્યું હતું કે મને મારી બર્થડે ગિફ્ટમાં બાઇક ચલાવતા શીખવાડો. એક દિવસ પપ્પાએ અને બીજા દિવસે ભાઈએ બાઇક ચલાવતા શીખવાડી અને ત્રીજા દિવસથી હું એકલી ચલાવવા લાગી. મને બાઇક શીખવામાં ક્લચ અને ગિયરને કઈ રીતે હેન્ડલ કરવું અને ક્યારે તેનો ઉપયોગ કરવો તે સમજવામાં વાર લાગી. પણ જીદ હોય તો બધું શીખી શકાય. 18 વર્ષની થતા જ મેં લાઈસન્સ માટેની ટેસ્ટ પાસ કરી લાઈસન્સ મેળવી લીધું. હું તો 12માં ધોરણની બોર્ડ પરીક્ષા આપવા પણ બાઇક પર જતી. એક વાર એક બાઇક ચાલકે મેને તેની સાથે રેસમાં ઉતરવા કહ્યું પણ મેં ટ્રાફિકમાં પણ જે રીતે બાઇક ચલાવી તે જોઈને એ બાઇક ચાલક ભાઈએ પણ હાર માની લીધી હતી. પેટ્રોલ પુરાવા જાઉ ત્યારે પેટ્રોલ ભરતા કર્મચારી મને જોઈને સ્માઈલ આપે. કેટલાંક વાહન ચાલકો મને જુએ અને પછી મારી બાઇકને જુએ અને પછી મને ચીયર અપ કરે.

### મોટી બેને બાઇક ચલાવતા શીખવાડી, રોજ કોલેજ બાઇક પર જાય

વ્રીતી લાઠીયા 20 વર્ષની છે, તે રોજ રોયલ એનફિલ્ડ ચલાવીને કોલેજ જાય છે ત્યારે કેટલાંક છોકરાઓ છોકરી બાઇક ચલાવે છે તે જોઈને જેલસ થાય. વ્રીતીએ જણાવ્યું કે, મારી એલ્ડર સિસ્ટર ધ્યાના પહેલાં બાઇક ચલાવતા જાતે જ શીખી હતી, પછી તો તેણે એબ્રોડ જવાના એક અઠવાડિયા પહેલાં મને રોયલ એનફિલ્ડ ચલાવતા શીખવાડ્યું. 18 વર્ષની ઉંમરમાં મેં પાક્કું લાઈસન્સ કઢાવ્યું. અમે ત્રણ સિસ્ટર છીએ તો લોકો મારા પેરેન્ટ્સને કહેતા કે, તમે બાઇક વેચી નાખો તમારે ક્યાં દીકરો છે કે એ ચલાવે. ત્યારે મને થયું કે, બાઇક ચલાવવાને જેન્ડર સાથે શું મતલબ અને પછી હું બાઇક ચલાવતા શીખી. મારું રહેવાનું કતારગામમાં છે અને મારી કોલેજ વેસુ છે તો હું ડેઈલી કોલેજ બાઇક રાઈડ કરીને જાઉ છું. હું અને મારી એ બે ફ્રેન્ડ બાઇક ચલાવીને ડુમસ પણ જતાં હોઈએ. એવું પણ થતું હોય છે કે છોકરાઓને છોકરી બાઇક ચલાવે તેની જેલસી થાય અને તે મને ઓવરટેક કરવાની કોશિશ કરતા હોય. મારી હાઈટ 5.3 ફિટ છે તો લોકો કહેતા હોય તારી હાઈટમાં બાઇક સુધી પહોંચી જાય? તું ટ્રાફિકમાં ચલાવી લે છે? બાઇક ચલાવવામાં હાઈટ નહીં પણ બાઇકને બેલેન્સ કરવાનું મહત્ત્વનું હોય. રોડ પર બાઇક રાઈડ કરું ત્યારે ઘણાનું એ ટેન્શન મળતું હોય છે.




# પરંપરા અને નવા ટ્રેન્ડના સમન્વય બન્યા અલૂણાં

સારો ભરથાર મેળવવાની મનોકામના સાથે હવે અલૂણાં વ્રતનો પ્રારંભ થશે. અત્યારે બજારોમાં તરેહ તરેહના ડ્રાયફ્રૂટ્સ, માવાની મીઠાઈઓ, તૈયાર જવારા હારબંધ દેખાઈ રહ્યા છે. વખત બદલાતા છોકરીઓ સ્કૂલ ટ્યૂશન એક્ટિવિટીઝના બીઝી શિડ્યુલમાં પડી જાય છે. પારંપારિક અલૂણાં જેવી રંગત હવે ઓછી થઈ છે. હવે તો સોસાયટીઓમાં કુંવારીકાઓ જાગરણના દિવસે રમતી પણ નથી દેખાતી. વળી, હવે તો અલૂણાં કરવાનું પ્રમાણ પણ ઘટી ગયું છે, અલૂણાં કરે તો પહેલા અને છેલ્લાં દિવસે વ્રત રાખી લે. આ બધા અત્યારના માહોલ વચ્ચે પણ અલગ અલગ સમાજના કેટલાંક લોકોએ પોતાની પરંપરા જાળવી રાખી છે. ક્યાં પહેલાની પરંપરાઓ જળવાઈ અને ક્યાં નવા સ્વિટ્સને અલૂણાંના ફૂડમાં સ્થાન મળ્યું તેની અલક મલકની વાતો અહીં જાણીએ...

જનરેશન Y

### પ્રજાપતિ સમાજમાં જોડીમાં જવારા વાવવામાં આવે



પ્રજાપતિ સમાજના હિરલબેને જણાવ્યું કે, સામાન્ય રીતે બધા સમાજમાં અલૂણાં વ્રતમાં એક જ જવારા વાવવામાં આવતા હોય છે પણ અમારા પ્રજાપતિ સમાજમાં જોડીમાં એટલે કે, બે જવારા વાવવામાં આવે અને તેની રોજ સવારે ઘરે પૂજા થાય. આવું એટલા માટે કે શંકર પાર્વતીની જોડી હોય એમ વ્રત કરનારી છોકરીને મનમાં પણ શંકર પાર્વતી જેવી જોડીની ઈચ્છા હોય. પૂજા વખતે ગીતો ગાય, ગોરમાનો વર કેસરિયો નદીએ ન્હાવા જાય રે!. 5 વર્ષના વ્રત બાદ ઊજવણામાં દાળ, ભાત, લાડુ જમાડે અને છોકરીઓને લ્હાણી આપે.





### ચોખાના મોળા અને મેંગો ખાજા, પનીરની સ્વિટ્સ

અલૂણાં-વ્રતમાં મોટાભાગે શિંગોડા કે રાજગરાનો શિરો, શ્રીખંડ, કોપરાપાક વિ. ખવાય છે. હવે આ ફૂડમાં વેરાયટી તરીકે છેલ્લાં કેટલાંક વર્ષોથી પનીરની અમુક મીઠાઈ ખાવાનું ચલણ જોવા મળી રહ્યું છે. જે ચોખાના અલૂણાં કરે છે હોય તેઓ ચોખાના ખાજાનો સ્વાદ પણ આ વ્રત દરમિયાન લે છે, અને હવે ચોખાના મેંગો ફ્લેવર્ડ ખાજા પણ બજારમાં આવવા લાગ્યા છે.

### 5, 7, 11, ઉંબરા પૂજે, વ્રત શરૂ થવાના પહેલાના 2 રવિવાર મોળું ખાવાનું



બ્રાહ્મણ સમાજમાં વ્રત શરૂ થવાના પહેલાના બે રવિવારે કુંવારીકાઓએ મીઠા વગરનું મોળું ખાવાનું હોય અને તે પણ ફરાળ. વ્રત શરૂ થાય એટલે તેના પાંચ દિવસ રોજ બીજાના ઘરના ઉંબરા પૂજે. એકી સંખ્યામાં એટલે કે, 5, 7 કે 11 ઘરના ઉંબરા પર ચાંદલા કરે અને ચોખા મૂકે. આ સમાજના ભૂમિબેન ધંધાલિયાએ જણાવ્યું કે, પહેલા તો સોસાયટીમાં જાગરણના દિવસે કુંવારીકાઓની મમ્મીઓ અને બીજી મહિલાઓ ભેગી થઈ સત્સંગ કરતી. છોકરીઓ અલગ અલગ ગેમ્સ રમતી. હવે મોટી સોસાયટીઓમાં આવું થાય છે.

### રાણા સમાજમાં અલૂણાંમાં મામા તરફથી ગીફ્ટ મળે છે

રાણા સમાજમાં અલૂણાં વ્રતના ઉજવણામાં ખાસ્સી ધામધૂમ હોય. જે છોકરી અલૂણાં વ્રત કરતી હોય તેને પાંચે પાંચ વર્ષ મામાના ઘરેથી 5 દિવસના વ્રતમાં પહેરવાના કપડાં, શૃંગારનો સામાન, ચાંદીની વસ્તુ, ડ્રાયફ્રૂટ્સ છાબડીમાં સજાવીને આપવામાં આવે. આ બધું છોકરીને તેના ઘરે આપવા પણ પાંચ મહિલાઓ જાય. 5 વર્ષના અલૂણાં બાદ ઉજવણું હોય ત્યારે જે છોકરીના અલૂણાં સંપન્ન થયા હોય તેને ફુલોથી શણગારવામાં આવે. છોકરીના ઘરે 5, 11, 21 એવી ગોરણી જાય. આ ગોરણીઓએ સેલા સાડી પહેરવાની હોય, મહેંદી પણ લગાડવાની હોય, આ ગોરણીઓને વિવિધ વાનગીઓ જમાડવામાં આવે. મામા તરફથી ગોલ્ડના ઘરેણાં અપાય.





### રૂસ્તમપુરામાં વડના ઝાડ પર ઝુલા બાંધી કુંવારિકાઓ ઝુલા ઝૂલે

રૂસ્તમપુરમાં રાવણતાડ નજીક મોટું વડનું ઝાડ છે, ત્યાં વર્ષોથી અલૂણાં વ્રત પર પાંચ દિવસ વ્રત કરનારી કુંવારીકાઓ ઝુલા ઝૂલતી હોય. વડની બે વડવાઈઓને દુપટ્ટાથી બાંધીને ઝુલો બનાવે અને પછી સાંજના સમયે ઝુલા ઝૂલે. તેઓ ઝુલી લે પછી પોતાના દુપટ્ટાને સરસ ઘડી વાળીને ત્યાં જ મૂકે, પછી બીજા દિવસે એ જ દુપટ્ટાથી ફરી ઝુલો તૈયાર કરી ઝૂલે. અહીં આ વર્ષો જૂની પરંપરા હજી જળવાઈ રહી છે.